# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/041 Dt. 24/07/2024

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ NDDB આણંદના ચેરમેન શ્રી મીનેષ શાહ સાથે મુલાકાત કરી

### NDDB આણંદના ચેરમેન શ્રીએ આગામી દિવસોમાં NDDB અને SGCCI નું જોડાણ કરી ડેરી, પશુપાલન તથા સહકારી વિભાગોના વિકાસ બાબતે ખાત્રી આપી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ NDDB (National Dairy Development Board) આણંદના ચેરમેન શ્રી મીનેષ શાહ સાથે તા.૨૨ જુલાઈ ૨૦૨૪ના રોજ મુલાકાત કરી હતી. SGCCI એ ડેરી, ટેક્નોલોજી તથા પશુપાલનના ધંધાકીય વિસ્તરણ અને વિકાસ હેતુ છેલ્લા ઘણા સમયથી કાર્યાન્વિત છે. NDDB સાથે વ્યવસ્થાપન સુદ્રઢ બનાવવાના હેતુથી આ મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

ઉપ પ્રમુખ શ્રીએ મુલાકાત દરમિયાન NDDB નું SGCCI સાથે જોડાણ, આગામી સમયમાં SGCCI માં શ્રી મીનેષ શાહની મુલાકાત ફૂડ એન્ડ બેવરેજીસ એક્ઝિબીશનમાં NDDB ની ભાગીદારી અંગે ચર્ચા થઈ હતી. સાથે જ ચેમ્બરના સંકલનથી શરૂ કરવામાં આવેલ NDDB નું પેરુમાં કાર્યરત ટેકનિકલ પ્રોજેક્ટની માહિતી મેળવવામાં આવી હતી.

SGCCI ના વાર્ષિક કાર્યક્રમોમાં NDDB ની પાર્ટનરશીપ સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. NDDB ના ચેરમેન શ્રીએ ઉપરોક્ત દરેક બાબતનું સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને આગામી દિવસોમાં NDDB અને SGCCI નું જોડાણ કરી ડેરી, પશુપાલન તથા સહકારી વિભાગોના વિકાસ બાબતે ખાત્રી આપી હતી.